મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૩૬ ટકા
ગાંધીનગર તાપમાન

ગાંધીનગર સતત બીજા દિવસે ઠંડીમાં ધ્રુજ્યુ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં સતત બીજા દિવસે ઠંડીનો ચમકારો યથાવત રહ્યો છે. લઘુત્તમ તાપમાન એક ડિગ્રી જેટલું ઘટીને ૮ ડિ.સે. પર પહોંચતા વસાહતીઓ આકરી ઠંડીમાં ઠુંઠવાયા હતા. હાડ થીજવતી ઠંડીની અસર જનજીવન પર જોવા મળી હતી.

જાન્યુઆરી માસના અંતિમ સપ્તાહમાં ઠંડીનો કહેર વધતો જાય છે. દેશના પર્વતીય વિસ્તારો છેલ્લા ત્રણ ચાર દિવસથી હીમવર્ષાના સંકજામાં કેદ છે. જયાં જુઓ ત્યાં સફેદ બરફની ચાદર જોવા મળી રહી છે. મુખ્ય માર્ગો પર બરફ વર્ષાના કારણે હજારો વાહનો અટવાયેલા જોવા મળી રહ્યા છે. સતત થઈ રહેલી હીમવર્ષાની અસર હેઠળ ગુજરાત-રાજસ્થાન સહિતના મેદાની વિસ્તારો આવી ગયા છે. ગાંધીનગર શહેરમાં પણ છેલ્લા બે દિવસથી ખૂબ જ આકરી ઠંડી પડી રહી છે. લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે સરકી જતાં વસાહતીઓ ઠંડીમાં રીતસર ઠુંઠવાઈ ગયા છે. પુનઃ ઠંડીનું મોજું ફરી વળતા આકરી ઠંડીની અસર જનજીવન પર જોવા મળી રહી છે. ઠંડીની અસર હેઠળ નગરના માર્ગો અંધારુ થતાં જ સુના થઈ જાય છે. મુખ્ય માર્ગો પર જ વધુ અવરજવર જોવા મળે છે. રાત્રે તો આ અવરજવર પણ સાવ ઓછી થઈ જાય છે. બજારોમાં તો સાંજ પડતા જ વસાહતીઓની ભીડ ઓછી થઈ જાય છે. જે વસાહતીઓ બહાર જોવા મળે છે તેઓ પણ ગરમ વસ્ત્રોમાં વીંટળાયેલા નજરે ચઢે છે. ખુલ્લામાં રહેતા ઝુંપડાવાસીઓ માટે આકરી ઠંડીમાં જીવવું જાણે દુષ્કર બની ગયું છે. ઠંડી દૂર કરવા તે જાતભાતના ઉપાયો અજમાવતા જોવા મળે છે. આખી રાત તાપણું સળગાવી તેઓ ઠંડીને દૂર કરવાનો પ્રયત્ન કરતા જોવા મળે છે. હવામાન વિભાગે હજુ કેટલાક દિવસ આવી જ આકરી ઠંડી પડશે તેવી આગાહી વ્યકત કરી છે.

શારીરીક ખોડખાપણવાળા ઉમેદવારો દ્વારા તંત્રને આવેદનપત્ર

ગાંધીનગર શહેરની સેકટર-૧૭ સ્થિત લાયબ્રેરી ખાતે શારીરિક ખોડ-ખાંપણ ધરાવતા ઉમેદવારોની માંગણી લઈને ધરણા અને સુત્રોચ્ચાર કર્યા હતા. જયારે પોતાના પડતર પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવે તે માટે ઉચ્ચકક્ષાએ આવેદન પત્ર પણ આપવામાં આવશે.

સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યુટ ખાતે કોરોના વોરિયર્સનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના ભાટ ખાતેની શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે ગણતંત્ર દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડના ચેરમેન અવંતિકા સિંઘના હસ્તે ધ્વજવંદન યોજાશે. આ કાર્યક્રમમાં સંસ્થા દ્વારા સરકારી હોસ્પિટલના કોરોના વોર્ડમાં સેવા આપી રહેલા કોરોના વોરિયર્સ તબીબો, નર્સ, વોર્ડસ્ટાફ, એમ્બ્યુલન્સ ડ્રાઈવર, સ્વીપર અને વેક્સિનની કામગીરી કરતા સ્ટાફનું વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ દ્વારા આભાર સન્માન કરવામાં આવશે. આ સાથે લોકડાઉનમાં સેવા આપનાર પોલીસ અધિકારીઓનું પણ સન્માન કરાશે જેમાં તમામ કોરોના વોરિયર્સને સોનેરી પ્રશસ્તિ પત્ર આપી શાલ ઓઢાડીને સન્માનવામાં આવશે.

આજે રક્તદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

શ્રી અન્નપૂર્ણા વિલેજ હેરીટેજ રેસ્ટોરન્ટ ગાંધીનગર અને લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬ જાન્યુઆરીના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે સ્થળ શાહપુર બ્રિજ પાસે શાહપુર ગીફ્ટસીટી રોડ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરેલ છે. જે રક્તદાતાઓ સ્વૈચ્છીક રક્તદાન કરવા ઈચ્છતા હોય તેઓને આ રક્તદાન કેમ્પમાં જોડાવા અનુરોધ કરેલ છે.

મતદાતાઓને ઈ-વોટરકાર્ડ ડાઉન લોડ કરવાનુ માર્ગદર્શન અપાયુ

ગાંધીનગરના કલોલ તાલુકાના કાંઠા ગામે સરકારી પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં મતદાતાઓને મોબાઈલ ફોનના ઉપયોગ થકી ઈ-વોટરકાર્ડ કેવી રીતે ડાઉનલોડ કરવું તેનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બીએલઓએ હાજરી આપી હતી.

આજે વર્ડિક કલબ દ્વારા ઓપનમાઈક આર્ટ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

આજે વર્ડિક કલબ ગાંધીનગર દ્વારા સૂર્યદર્શન આર્ટ હાઉસ, ૭૭૫/૨, સે-૨-સી ખાતે સાંજે ૬ વાગ્યે ઓપનમાઈક આર્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે ઓપન માઈકમાં કવિતા, સ્ટોરી ટેલિંગ અને મોનોલોગ જેવા લખાણોની પ્રસ્તુતિ થશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક શહેરીજનોને વધુ માહિતી માટે ૮૩૪૮૫૨૩૮૦૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

સ્વ. ઈન્દિરા ગાંધીની વખતે ગુજરાતના ટેબ્લોને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું

ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણી જે રાજધાની દિલ્હીમાં રાજપથ પર યોજાય છે તે જગ મશહુર છે અને આ ઉજવણીમાં યોજાતી સાંસ્કૃતિક પરેડ સમગ્ર વિશ્વમાં આકર્ષણ ધરાવે છે. આ વર્ષે પ્રજાસત્તાક દિનની પરેડમાં ગુજરાત સરકાર દ્વારા મોઢેરા સૂર્ય મંદિરો ટેબ્લો પ્રસ્તુત કરવામાં આવનાર છે. ગુજરાતનો ટેબ્લો આ પરેડમાં હંમેશા એક નોખી ભાત ઉભી કરતો આવ્યો છે. અગાઉ તત્કાલીન વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીની સરકાર વખતે ગાંધીનગરના સે-૧૬માં રહેતા માહિતી ખાતાના ડેપ્યુટી ડાયરેકટર હીરાલાલ આર. ડાભીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરીને પ્રસ્તુત કરાયેલ ગુજરાતના ટેબ્લોને પરેડમાં સૌ પ્રથમવાર પ્રથમ સ્થાને વિજેતા જાહેર કરાયો હતો. આ ટેબ્લોમાં ગુજરાતની આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવામાં આવી હતી. પરેડ બાદ વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીએ હીરાલાલ ડાભી સાથે પ્રત્યક્ષ મુલાકાત કરી અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગરના યુવાનોએ 'શહાદત' નામની શોર્ટ ફિલ્મ રિલીઝ કરી

ભારતે અંગ્રેજોના આધિપત્યમાંથી મુક્ત થવા ઘણો સંઘર્ષ કરી સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે, આ સ્વતંત્રતાને ટકાવવા માટે દેશની સરહદે આપણાં વીર જવાનો ખડે પગે તૈનાત રહી પોતાનું લોહી રેડી રહ્યા છે. આ જવાનો દેશ માટે શહાદત વ્હોરતાં પણ અચકાતા નથી જે માટે તેમનો દેશપ્રેમ અને તેમના પરિવારનો અડીખમ ટેકો જવાબદાર હોય છે. આવી જ એક ફૌજીની પત્નિની ગાથા લઈને ગાંધીનગરના યુવા કલાકારોએ 'શહાદત' નામની શોર્ટ ફિલ્મ યુ ટયુબ પર 'ફ્રી ફોલ એન્ટરટેઈનમેન્ટ' નામની ચેનલથી પ્રસારિત કરવામાં આવી છે. જેમાં એક ફૌજીની પત્નિનો પ્રેમ જવાનને દુશ્મનો સામે લડવા કેવી રીતે બળ આપે છે તેનું ચિત્રણ કરવામાં આવ્યું છે.

જન્મદિને વધામણી

ઓમ નિરંજન પટેલ

સ્નેહ મણિયાર

રૂપેશ શાહ

મૈશ્વા ચિરાગ પ્રજાપતિ
મો. ૭૦૪૧૮ ૬૩૭૦૫

કીર્તિરાજ મનહરસિંહ
આશાપુરા જલસેવા
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫

એલ એન પરમાર

સંજીવની રાકેશભાઈ પગી

વ્યોમ વિપુલભાઈ પટેલ
મો. ૯૪૨૮૪ ૭૬૭૬૧



વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ ખાતે ભારત દેશને સ્વચ્છ સાથે હરિયાળું બનાવવાના હેતુથી પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભારતની ગરિમા, ભવ્યતા તથા બંધારણને અનુરૂપ સમજુતી આપવામાં આવી હતી. ત્યારબાદ ઓનલાઈન વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના વિદ્યાર્થી અને વાલીઓએ વૃક્ષો વાવી જતન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. બાળકો દ્વારા અલગ અળગ રાજયોના પહેરવેશને અનુરૂપ સ્પીચ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અંતે સર્વે દ્વારા રાષ્ટ્રગીતનું ગાન ગણી ભારતદેશને સલામી આપવામાં આવી હતી.

સ્ટેટ મોડેલ ઈન્સ્ટિટયુટ ઓફ આયુર્વેદા સાયન્સ કોલેજ, કોલવડા ખાતે તા. ૨૫મી જાન્યુઆરીએ ૧૧મી રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે સંદર્ભે સંસ્થાના એન.એસ.એસ. પ્રોજેકટ કો ઓર્ડિનેટર નિતેશ વ્યાસ દ્વારા રાષ્ટ્રીય મતદાતા દિવસ અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૪૦ જેટલા અધિકારીઓ તથા કર્મચારીઓએ ઉપસ્થિત રહી કોવિડ ગાઈડલાઈનનું પાલન કરી મતદાતા જાગૃતિ દિવસ સંદર્ભે પ્રતિજ્ઞા લીધી હતી.

કેએસવીના ૧૫ વિદ્યાર્થીઓનું ગીફટ સિટીની બેંક ઓફ અમેરિકામાં પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર હવે શૈક્ષણિક હબ બની ચુકયું છે અને પાટનગરના વિદ્યાર્થીઓ પોતાની પ્રતિભાના જોરે નીત નવા શિખરો સર કરી રહ્યા છે. શહેરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વિવિધ વિદ્યાશાખાના ૧૫ વિદ્યાર્થીઓનું જોબ પ્લેસમેન્ટ બેંક ઓફ અમેરિકાની ગીફટ સિટી શાખા માટે રૂ. ૩ લાખના પેકેજ સાથે થતાં સમગ્ર યુનિવર્સિટીમાં આનંદનું મોજું પ્રસરવા પામ્યું છે. આ સાથે અન્ય ૧૦ વિદ્યાર્થીઓનું ટીસીએસમાં પ્લેસમેન્ટ થયું છે.

કેએસવીના સેન્ટ્રલ પ્લેસમેન્ટ વિભાગના જણાવ્યા અનુસાર યુનિવર્સિટીના બી.કોમ., બીબીએ, બીબીસી, બીએસસી જેવી વિદ્યાશાખાઓના ૨૫ જેટલાં વિદ્યાર્થીઓનું જોબ પ્લેસમેન્ટ તેમનો અભ્યાસક્રમ પુરો થાય તે પહેલા જ બેંક ઓફ અમેરિકા અને ટીસીએસ જેવી કંપનીમાં સારા પેકેજથી થવા પામ્યું છે. હાલ આ વિદ્યાર્થીઓ છેલ્લાં વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે અને તેમાંથી ૧૫ વિદ્યાર્થીઓને ગીફટ સિટી ખાતેની બેંક ઓફ અમેરિકા માટે અને ટીસીએસમાં અન્ય ૧૦ વિદ્યાર્થીઓની પસંદગી થવા પામી છે. જેમાં બેંક ઓફ અમેરિકામાં રૂ. ૩ લાખના પેકેજની અને ટીસીએસ દ્વારા રૂ. ૨.૫ લાખના વાર્ષિક પેકેજની ઓફર કરવામાં આવી છે. આ વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસપૂર્ણ કરીને જોબમાં જોડાશે. હાલ તો વિદ્યાર્થીઓને કેએસવીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ અને રજીસ્ટ્રાર ડૉ. એસ.કે. મંત્રાલા સહિત તેમના આચાર્યો દ્વારા અભિનંદન અપાયાં છે.

ગાંધીનગરની સરકારી વાણિજ્ય કોલેજ ખાતે તા. ૨૫મી જાન્યુઆરી-રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે યોજવામાં આવેલા કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. અમિત સુતરીયા દ્વારા વિદ્યાર્થીઓને મતદાનના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત આશરે ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પ્રસંગે મતદાન અવશ્ય કરવા અને અન્યોને મતદાન પ્રત્યે જાગૃત કરવાના પ્રયાસો માટે શપથ ગ્રહણ કર્યા હતા.

આર.જી. પટેલ કન્યા શાળા સે-૨૩ ખાતે એન.એસ.એસ. યુનિટ દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા અને નેતાજીના જીવન કવન વિશે વકતવ્ય યોજાયું હતું. જેમાં શાળાના આચાર્ય ગીતેષભાઈ પટેલ દ્વારા સુભાષચંદ્ર બોઝના આઝાદી વખતના યોગદાન વિશે માહિતી આપવામાં આવી હતી. તુમ મુજે ખુન દો મેં તુમે આઝાદી દુંગાના સુત્રોનું પઠન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એનએસએસ પ્રોગ્રામ ઓર્ગેનાઈઝર શાળા આચાર્ય અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આજે જાગૃત વસાહત ફોરમ ખાતે પ્રજાસત્તાક દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૨૫

ગુમા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટ અને જાગૃત વસાહત ફોરમ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી થશે જે સંદર્ભે આજે સવારે ૮ વાગ્યે શૌર્યગીતો, ૯ વાગ્યે ધ્વજવંદન, ૯.૩૦ વાગ્યે બાળકોની રમત સ્પર્ધા, ૧૦ વાગ્યે ઈનામ વિતરણ તથા ૧૧ વાગ્યે જાગૃત વસાહત ફોરમ સે-૧૪ ખાતે આભારવિધિ યોજાશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વાવોલ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

૭૨મા પ્રજાસત્તાક દિન નિમિત્તે આજે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સવારે ૧૦.૩૦ વાગ્યે ધ્વજવંદન કાર્યક્રમ મહાકાળી માતાજીના મંદિરની બાજુમાં, વાવોલ તળાવ પાસે, વાવોલ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વાઘેલા સુખદેવસિંહ પરબતસિંહ, ઉ.વ. ૬૦, સેકટર-૪, ગાંધીનગર
- સ્વ. હંસાબેન દશરથસિંહ રાઠોડ, ઉ.વ. ૬૪, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. યાદવ રાધેશ્યામ તુરેમસિંહ, ઉ.વ. ૫૯, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. વાઘરી મુકેશભાઈ ભૂરાભાઈ, ઉ.વ. ૪૩, સુખડ, તા. પ્રાંતિજ, સાબરકાંઠા